## સંક્ષિપ્ત સમાચાર

### સોનગઢમાં કબ્રસ્તાન વિવાદમાં કાર્યવાહીની માંગ



સોનગઢ: સોનગઢના પૌરાણિક મુસ્લિમ કબ્રસ્તાનની માલિકી અને દફનવિધિને લઈ સુન્ની જમાત અને તબલીકી (દેવ બંદી) જમાત વચ્ચે ચાલી રહેલો વિવાદ હવે ગંભીર વળાંક પર પહોંચ્યો છે. આગામી ૫ માર્ચના રોજ મામલતદાર કચેરી ખાતે દફનવિધિમાં રોકટોકને લઈ બંને પક્ષો વચ્ચે મામલતદાર કચેરી ખાતે મહત્ત્વની સુનાવણી યોજાનાર હતી, પરંતુ તે પૂર્વે જ અજાણ્યા ઇસમ દ્વારા કબ્રસ્તાનમાં આવેલી પવિત્ર દરગાહની ગ્રિલ તોડી પાડી નુકસાન પહોંચાડતા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. સુન્ની સમાજના અગ્રણીઓએ સોનગઢ પોલીસને લેખિત રજૂઆત કરી હતી.

### નીણતમાં યુવાને ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

બારડોલી: બારડોલીના નીણત ગામે આવેલી એવરગ્રીન કંપનીની કોલોનીમાં મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના અક્કલકૂવાના મહુખાડી ગામના વતની ૧૮ વર્ષીય અલ્પેશભાઈ અનિલભાઈ પાડવીએ પંખા સાથે ઓઢણી બાંધી આત્મહત્યા કરી લીધી હતી. મૃતક અલ્પેશ સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી યુવતી છેલ્લા દસેક દિવસથી રિસાઈને પોતાના ઘરે જતી રહી હતી. આ બાબતનું મનમાં ખોટું લાગી આવતાં અલ્પેશભાઈએ અંતિમ પગલું ભર્યું હોવાનું જણાય છે.

### મહુવરીયા ગામમાં પ્રસૂતાનું મોત

અનાવલ: ડોલવણના વતની અને હાલ અંબિકા તાલુકાના મહુવરીયા ગામના ઊંચી ફળિયામાં રહેતાં ઉર્વશીબેન મયુરભાઈ કોટવાળિયા (ઉં.વ.18) પ્રસૂતિ માટે પોતાના પિયર આવ્યાં હતાં. ગત તા.3ના રોજ સવારે 10 વાગ્યે પ્રસૂતિની પ્રક્રિયા દરમિયાન ઉર્વશીબેનનું સ્વાસ્થ્ય લથડતાં કુદરતી રીતેમોત નીપજ્યું હતું.

### તરસાડીમાં સગીરાની આત્મહત્યા

અનાવલ: મહુવાના તરસાડી ગામના 30 ગાળા ફળિયામાં રહેતા રમેશભાઇ હળપતિની 16 વર્ષ અને 9 માસની પુત્રી દિવ્યાએ તા.3/3/26ના રોજ વહેલી સવારે અગમ્ય કારણોસર ઘરની છતમાં આવેલી લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ લેતાં તેનું મોત નીપજ્યું હતું. આ અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં જાણ કરાતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આદરી છે.

### ઉકાઈ જે.કે. પેપર મિલ સામે અડવાણી ગેસ્ટ હાઉસમાં આગ ભભૂકી

સોનગઢ: નવી ઉકાઈ જતા વાંકડિયાપુલ પાસે બ્રિજ પાસે આવેલા અડવાણી ગેસ્ટ હાઉસમાં, જે.કે. પેપર મિલની બિલકુલ સામે અચાનક આગ લાગી હતી. ગોદડાં સળગી જતાં ધુમાડાના કારણે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સોનગઢ નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ કામગીરી દરમિયાન ગેસ્ટ હાઉસના પ્રથમ માળે એક વ્યક્તિ ફસાઈ ગઈ હતી, જેને ફાયર ટીમે સીડીના ઉપયોગથી સલામત રીતે નીચે ઉતારી રેસ્ક્યુ કરી હતી. જેથી મોટી જાનહાનિ ટળી હતી.

### કામરેજના ધોરણ પારડીમાં બાઈક ધીમે ચલાવવા બાબતે હુમલો: ચાર ઘાયલ

કામરેજ: કામરેજના ધોરણપારડી ખાતે હોળીના તહેવારે હિંડવા ઈન્ડસ્ટ્રીઝમાં એકઠા થયેલા મૂળ અમરોલી અને પુણા ગામમાં રહેતા ઉકાણી પરિવાર પર બાઈક સવારોએ હુમલો કર્યો હતો. જાહેર રસ્તા પર પૂરપાટ ઝડપે બાઈક ચલાવતા મનોજ અને બીટ્ટુ નામના શખ્સોને બાળકો રમતા હોવાથી ટોકવામાં આવ્યા હતા. જેની અદાવત રાખી મનોજ, બીટ્ટુ અને લલિત મારુએ લાકડાના ફટકા વડે પરિવાર પર હુમલો કર્યો હતો. આ હુમલામાં અંકિત ઉકાણીને કપાળે ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે અન્ય ત્રણને પણ માર મારવામાં આવ્યો હતો. કામરેજ પોલીસે આ મામલે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચોર્યાસી ટોલનાકા નજીક કારની ટક્કરે મોપેડ સવારનું મોત

કામરેજ: ચોર્યાસી ગામની હદમાં નેશનલ હાઈવે-48 પર સર્જાયેલા અકસ્માતમાં કઠોર ખાતે મદની રેસિડન્સીમાં મકાન નં.82માં રહેતા 31 વર્ષીય સાજીદ બમાણીનું કરુણ મોત નીપજ્યું હતું. સાજીદભાઈ પોતાની મોપેડ નં.(જીજે 05 ટીજે 1701) પર જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી આવતી બ્રેઝા કાર ન.(જીજે 19 બીએ 1719)ના ચાલકે તેમને ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓને કારણે હોસ્પિટલમાં તેમને મૃત જાહેર કરાયા હતા. કામરેજ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

### આસોદલામાં બકરાં ઘઉં-ચોખા ખાઈ જતાં બબાલ

હથોડા: કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના આસોદલા ગામે રહેતી નિશાબેન મુકેશભાઈ કરસનભાઈ વસાવાનાં બકરાં ગામમાં રહેતા મહેશભાઈ મગનભાઈ વસાવાના ઘરમાં ઘૂસી ઘઉં અને ચોખા ખાઈ જતાં આ બાબતે કહેવા જતાં ગાળગલોચ થઈ હતી. બાદ બંને પરિવારના સદસ્યો આમનેસામને બાખડી પડતાં અને ઢીકામુક્કી, મારામારી અને એકનો દરવાજો તોડી નાંખી ઘરમાં ઘૂસી માર મારવાની ઘટનામાં અને બંને પરિવારના કુલ 10 સદસ્ય સામે કોસંબા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ મામલે કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કવિઠા ગામે કચરો નાંખવા મુદ્દે હુમલો

ભરૂચ: ભરૂચના કવિઠા ગામે કચરો નાંખવા જેવી સામાન્ય બાબતે થયેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. નવી નગરીમાં ઘર પાસે કચરો નાંખવાની મનાઈ કરતા વિમલ વસાવા અને મધુબેન વચ્ચે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખી મધુબેનના પુત્ર સંજય વસાવાએ લાકડાના સપાટા વડે વિમલ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડાયા છે, જ્યારે ભરૂચ બી-ડિવિઝન પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીના આફવા ગામે દીપડો દેખાયો



બારડોલી: બારડોલીના આફવા ગામે ફરી એકવાર દીપડાએ દેખા દેતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છે. ગત રાત્રે ૧૨:૩૦ વાગ્યે સ્નેહમિલન સોસાયટીના નાકા પર બેઠેલા લોકોએ અંધારામાં દીપડાની આંખો ચમકતી જોઈ હતી. દીપડો તેમની તરફ આવતાં ગ્રામજનો જીવ બચાવી ભાગ્યા હતા. ત્યારબાદ દીપડો માહ્યાવંશી ફળિયા તરફ ફંટાયો હતો. આ અંગે અમિત ગામીતે 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડને જાણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ અહીં દીપડાએ મારણ કર્યું હતું, જેના પગલે વન વિભાગે બે કિમી દૂર ગોટાસામાં પાંજરું ગોઠવ્યું છે.

# તાતીથૈયામાં હોળી લોહિયાળ: કાચ ભોંકી યુવાનનાં આંતરડાં કાઢી નાંખ્યાં

**જમવા** બાબતે ઝઘડો થતાં પાંચ ઇસમ તૂટી પડ્યા, યુવાન ગંભીર

પલસાણા: પલસાણાના તાતીથૈયા ગામે હોળી-ધુળેટીના પર્વ પર જમવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં પાંચ ઈસમે ભેગા મળી એક યુવક પર કાચના ટુકડા વડે જીવલેણ હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનાં આંતરડાં બહાર નીકળી જતાં તેને સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

તાતીથૈયાની રાજકમલ બિલ્ડિંગમાં રહેતા અને મૂળ બિહારના વૈશાલી જિલ્લાનો રહેવાસી સૂરજકુમાર ઇંદ્રજીત મંહતોને બપોરે પડોશમાં રહેતા ચંદનકુમાર રામેશ્વર સિંગ, શુભમ સિંગ, રોહિત શ્રીવાસ્તવ, સુશીલકુમાર ઠાકુર અને વિકાસ સાથે જમવા બાબતે બોલાચાલી થઈ હતી.

આ વિવાદ બાદ સાંજે ચારેક વાગ્યે સૂરજકુમારે આવેશમાં આવીને સુશીલકુમારની બિલ્ડિંગ પર પથ્થરમારો કર્યો હતો, જેનાથી બિલ્ડિંગના કાચ તૂટી ગયા હતા.

પથ્થરમારાથી ઉશ્કેરાયેલા પાંચેય આરોપીએ ભેગા મળી સૂરજકુમારને પકડી લીધો હતો અને તેને ઢીકમુક્કીનો માર મારવા લાગ્યા હતા. દરમિયાન વિકાસ નામના શખ્સે બારીનો તૂટેલો કાચ લઈ સૂરજકુમારના માથામાં માર્યો હતો.

જ્યારે ચંદનકુમાર સિંગે કાચના ટુકડા વડે સૂરજકુમારના પેટના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ગંભીર હતો કે, સૂરજકુમારના પેટનાં આંતરડાં બહાર નીકળી આવ્યાં હતાં અને તે લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકની પત્ની મોનીકાકુમારીએ આ મામલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં ઈજાગ્રસ્ત યુવક સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન હેઠળ છે અને તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### કારેલીમાં સામાન્ય બોલાચાલીમાં યુવકની હત્યા

પલસાણા: પલસાણાના કારેલી ગામમાં ધુળેટીની ઉજવણી લોહિયાળ સાબિત થઈ છે. રાધિકા રેસિડેન્સીમાં ધુળેટી રમવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ૧૮ વર્ષીય રાજકુમાર બિંદ નામના યુવકની કાચના ટુકડાના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવી હતી. ઘટનાની વિગત મુજબ, પાડોશમાં રહેતા રાજેન્દ્ર નિકમ સાથે ધુળેટી રમવા બાબતે ઝપાઝપી થઈ હતી. આ અદાવત રાખી રાજેન્દ્રએ અન્ય સાત શખ્સ પવન બડગુજ્જર, દીપાલી પવન બડગુજ્જર (બંને રહે., રાધિકા રેસિડેન્સી), તેમજ આર્યા રેસિડેન્સીમાં રહેતા સંગીતાબેન રાજેન્દ્રનાથ પવાર, સપનાબેન રાજેન્દ્રનાથ પવાર, દર્શન ઉર્ફે ગોલુ અને ગોકુલ ચૌધરી, ગોકુલ સંતોષ ચૌધરી સાથે મળી ગેરકાયદે મંડળી રચી રાજકુમારના ઘરમાં તોડફોડ કરી હતી. હુમલાખોરોએ બારીના કાચના તીક્ષ્ણ ટુકડા વડે રાજકુમારના હાથ પર ગંભીર ઘા મારતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે આ મામલે પવન બડગુજ્જર સહિત કુલ ૭ આરોપી વિરુદ્ધ હત્યા અને રાયોટિંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંત્રોલીમાં હોલીકા દહન વખતે યુવક પર ચપ્પુ વડે હુમલો

પલસાણા: પલસાણાના અંત્રોલી ગામે હોલીકા દહનના પવિત્ર તહેવાર દરમિયાન ટેકરી ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય યુવક પર ચપ્પુ વડે હુમલો કરવામાં આવતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

સોમવારે સાંજે આશરે સાડા સાત વાગ્યે અંત્રોલીના ટેકરી ફળિયામાં રહેતા દિનેશભાઈ પૂનમભાઈ જાદવ રામજી મંદિર પાસે હોલિકા દહન જોવા જઈ રહ્યા હતા.

તે સમયે તેમના જ ફળિયામાં રહેતા સાહિલભાઈ ભાવેશભાઇ રાઠોડ અને પ્રવીણ મનહર જાદવ વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો. ત્યાં ઊભેલા પોતાના ભત્રીજાને ઝઘડાથી દૂર રહેવા અને ઘરે જવા કહેતાં આરોપી સાહિલ ઉશ્કેરાઈ ગયો હતો.

સાહિલે 'તું મને કેમ જવાનું કહે છે?' તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. ત્યારબાદ ઉશ્કેરાટમાં આવી તેણે પોતાની કમરના ભાગે રાખેલું ચપ્પુ કાઢી દિનેશભાઈની કમરના પાછળના ડાબી બાજુના ભાગે મારી દીધું હતું. હુમલા બાદ આસપાસના લોકો દોડી આવતાં વધુ મારમાંથી બચાવ થયો હતો, પરંતુ આરોપી જતાં-જતાં હવે પછી વચ્ચે આવ્યો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ફરાર થઈ ગયો હતો.

ઈજાગ્રસ્ત દિનેશભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને એક ટાંકો લેવો પડ્યો હતો. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે આરોપી સાહિલભાઈ ભાવેશભાઇ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મરણ પ્રસંગે જતા બાઈકસવારનું થાંભલા સાથે અથડાતાં મોત

**ઉમરપાડાના** નાની બીલવાણના યુવકને બલાલતીર્થ નજીક કાળ ભરખી ગયો




માંડવી: માંડવીના બલાલતીર્થ ગામની સીમમાં ફેદરીયા ચાર રસ્તાથી ઉકાઈ તરફ જતા રોડ પર બાઈક વીજ પોલ સાથે અથડાતાં ઉમરપાડાના યુવાનનું મોત થયું હતું. આ બનાવને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

ઉમરપાડા તાલુકાના નાની બીલવાણ ગામનો ૨૮ વર્ષીય યુવક શંકરભાઈ રામસિંગભાઈ વસાવા ધુળેટી પર્વે પોતાની સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-19-BB-3239) લઈને નિંદવાડા ગામે મરણ પ્રસંગમાં જવા નીકળ્યો હતો. દરમિયાન સવારના ૧૦:૩૦ વાગ્યાના અરસામાં બલાલતીર્થ ગામની સીમમાં ફેદરીયા ચાર રસ્તાથી ઉકાઈ તરફ જતા રોડ પર શંકરભાઈએ પોતાની મોટરસાઈકલ પૂરઝડપે હંકારી સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બાઈક રોડ સાઈડના વીજ થાંભલા સાથે જોરદાર અથડાઈ હતી. આ અકસ્માતમાં તેને કપાળ, નાક અને ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે માંડવી સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જેના પગલે પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતકના ભાઈ દિલીપભાઈ વસાવાએ આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં માંડવી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### એના પાસે અકસ્માત સર્જાતાં એકનું મોત

પલસાણા: એનામાં હાઈવે પર માર્ગ અકસ્માતમાં આઈસર ટેમ્પોના ક્લીનર વિજયકુમાર બિંદ (રહે.,અંકલેશ્વર, મૂળ રહે જૌનપુર, ઉત્તરપ્રદેશ)નું મોત નીપજ્યું છે. અંકલેશ્વરથી કેમિકલ ભરેલાં ડ્રમ અને બેરલ લઈ મુંબઈ તરફ જઈ રહેલા ટેમ્પો નં. (GJ.16.AV.8286)ના ચાલક મંગલા યાદવ (રહે.,અંકલેશ્વર, મૂળ રહે.,કોનીકાલા, જિ.આઝમગઢ, ઉત્તરપ્રદેશ)એ ગાડી પૂરઝડપે હંકારતા એના ટોલનાકા પાસે આગળના વાહન સાથે ટેમ્પો અથડાયો હતો. આ બનાવમાં ક્લીનરનું મોત થયું હતું. તો ટેમ્પો ચાલક મંગલા યાદવને ઈજા પહોંચી છે.

### સાંબાના યુવકનું અજાણ્યા વાહન અડફેટે મોત

અનાવલ: મહુવા પોલીસ સ્ટેશનની હદમાં ભોરિયાથી વલવાડા જતાં રોડ પર ગીંગોણવલ્લી ફળિયા પાસે એક અજાણ્યા વાહન ચાલકે બાઈક સવાર યુવકને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું છે. એક અજાણ્યા વાહન ચાલકે બાઈક નં.(GJ-19-C-1815)બાઈકચાલક કિરણભાઈ પટેલ (ઉં.વ.૨૫) (રહે., સાંબાગામ, તા.મહુવા)ને અડફેટે લેતાં મોત નીપજ્યું હતું.

### સોનગઢના મોટા બંધારપાડામાં દીપડાનો ખેડૂત પર હુમલો

સોનગઢ: સોનગઢ તાલુકામાં વન્ય પ્રાણીઓના હુમલાની વકરતી જતી સમસ્યા વચ્ચે ગુરુવારે મોટા બંધારપાડા ગામે દીપડાએ એક ખેડૂત પર હુમલો કર્યો હતો. સવારના સમયે ખેતરમાં કામ કરી રહેલા હરિસિંગભાઈ ગામીત પર ઝાડીઓમાંથી અચાનક દીપડો ત્રાટક્યો હતો. દીપડાએ ખેડૂતના હાથ અને પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. હરિસિંગભાઈની બૂમો સાંભળી ગ્રામજનો લાકડીઓ સાથે દોડી આવતાં દીપડો જંગલમાં નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત ખેડૂતને તાત્કાલિક વ્યારાની રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ગ્રામજનોએ વન વિભાગ પાસે તાત્કાલિક પાંજરું ગોઠવી દીપડાને પાંજરે પૂરવાની માંગ કરી છે.

# દેવજીપુરામાં શ્વાનનો આતંક બાળક બાદ વાછરડા પર હુમલો

**7થી 8** કૂતરાંએ રસ્તા પર ઊભેલા વાછરડાને નિશાન બનાવ્યું



સોનગઢ: સોનગઢના દેવજીપુરામાં છેલ્લા કેટલાક દિવસોથી રખડતાં કૂતરાંનો ત્રાસ અસહ્ય બનતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે. નગરપાલિકા વિસ્તારમાં વધતા કૂતરાંના ટોળાને કારણે હવે સામાન્ય લોકોનું રસ્તા પર નીકળવું પણ જોખમી બન્યું છે.

તાજેતરમાં જ એક નિર્દોષ બાળક પર કુતરાના ટોળાએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સદનસીબે સ્થાનિકોએ દોડી આવી બાળકને બચાવી લીધું હતું. જો કે, આ ઘટનાના ગણતરીના સમયમાં જ હિંસક બનેલા 7થી 8 કૂતરાઓએ એક રસ્તા પર ઊભેલા વાછરડાને નિશાન બનાવી તેને બચકા ભરી ગંભીર રીતે લોહીલુહાણ કર્યું હતું. પશુચિકિત્સકે સ્થળ પર પહોંચી વાછરડાને ટાંકા લઈ સારવાર આપી હતી. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે નગરપાલિકા તંત્રને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. જો તંત્ર વહેલી તકે આ હિંસક કૂતરાંને પકડવાની તજવીજ હાથ નહીં ધરે, તો કોઈ મોટી જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે.

# માંડવીના મુંજલાવમાં હોળી જોવા ગયેલા ત્રણ યુવાન ઉપર હુમલો

**અકસ્માતની** અદાવતમાં પંચ અને કડાં વડે માર મારી હત્યાની ધમકી

માંડવી: માંડવીના મુંજલાવ ગામે હોળી પ્રગટાવવાના સ્થળે ત્રણ યુવાન પર પંચ અને કડાં જેવાં હથિયારો વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મામલો પોલીસમથકમાં પહોંચ્યો હતો. અગાઉ થયેલા એક અકસ્માતની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવમાં ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર માંડવીના મુંજલાવ ગામના ગઢેર ફળિયામાં રહેતો ૨૧ વર્ષીય વિરમકુમાર વિક્રમભાઈ વસાવા મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨/૩/૨૦૨૬ના રોજ તેના મિત્રો મેહુલ વસાવા, વિનાશ વસાવા, દિપીન રાઠોડ અને રાજ વસાવા સાથે અંકલેશ્વરથી ખરીદી કરી પરત ફરી રહ્યો હતો. એ સમયે ગામના રાયસીંગભાઈ નામની વ્યક્તિને તેમની કાર અડી જતાં તેઓ પડી ગયા હતા. વિરમ અને તેના મિત્રો તાત્કાલિક રાયસીંગભાઈને બોધાનની ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી ઘરે મૂકી આવ્યા હતા. આ ઘટના બાદ સાંજે સાડા સાતેક વાગ્યે વિરમ તેના મિત્રો રાજ અને નીતિન સાથે ફળિયામાં હોળી જોવા ગયો હતો, ત્યારે ગામના જ રૂપેશ હરીશ વસાવા, બાબુ છનીયા વસાવા અને નિકુંજ નરેશ વસાવાએ તેમને અટકાવ્યા હતા. તમે રાયસીંગભાઈ પર ગાડી કેમ ચઢાવી દીધી? તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. વિરમે સમજાવટનો પ્રયાસ કર્યો હોવા છતાં ત્રણેય શખ્સ ઉશ્કેરાઈ ગયા હતા. આ ઝપાઝપી દરમિયાન રૂપેશ વસાવાએ પંચ જેવા સાધન વડે વિરમના માથામાં ઈજા પહોંચાડી હતી, જ્યારે બાબુ અને નિકુંજે હાથમાં પહેરેલા કડાં વડે રાજને કપાળના ભાગે અને નીતિનને પગના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. બાદ હુમલાખોરો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત ત્રણેય યુવાનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે વિરમભાઈ વસાવાએ ત્રણેય હુમલાખોરો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.


### જાહેરનામું

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩)
(૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત તારીખઃ- 18 FEB 2026

ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૧૯૭ -જસત-૧૪૨૦૨૬-૨૧૦-ઘ

"મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી.અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન"ના જાહેર હેતુ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી. અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે.૦૧-૦૩-૩૫ ચો.મી. છે અને તે મોજે. હલદવા તા. મહુવા (હાલ-અંબિકા) જિ. સુરતની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે. ૦૧-૦૩-૩૫ ચો.મી. જમીનને સદરહું અધિનિયમ ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ- ૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી.અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન" ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. હલદવા તા. મહુવા (હાલ-અંબિકા) જી.સુરત ની ક્ષેત્રફળ હે.આરે.૦૧-૦૩-૩૫ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
ક્રમાંકઃ માહિતી-સૂરત/૧૫૯૨/૨૦૨૬ સરકારના ઉપ સચિવ

### જાહેરનામું

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩)
(૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત તારીખઃ- 18 FEB 2026

ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૧૯૫-જસત-૧૪૨૦૨૬-૨૦૭-ઘ

"મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતના જહાંગીરપુરા વરીયાવ નવી પારડી કિ.મી. ૧૦/૦ થી ૨૧/૮૨૫ની વીડ્થમાં વધારો કરવાના કામે"ના જાહેર હેતુ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતના જહાંગીરપુરા વરીયાવ નવી પારડી કિ.મી. ૧૦/૦ થી ૨૧/૮૨૫ની વીડ્થમાં વધારો કરવાના કામે"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે.૦૦-૦૭-૦૪ ચો.મી. છે અને તે મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.૦૦-૦૭-૦૪ ચો.મી. જમીનને સદરહું અધિનિયમ ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ- ૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતના જહાંગીરપુરા વરીયાવ નવી પારડી કિ.મી. ૧૦/૦ થી ૨૧/૮૨૫ની વીડ્થમાં વધારો કરવાના કામે" ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. ઉમરા તા. ઓલપાડ જી.સુરત ની ક્ષેત્રફળ હે.આરે. ૦૦-૦૭-૦૪ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
ક્રમાંક : માહિતી-સૂરત/૧૫૮૯/૨૦૨૬ સરકારના ઉપ સચિવ